
ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ‘ઘર... ઘર’નું સ્વપ્ન હવે નવા જમાનામાં બદલાશે !

## લગ્ન બે વ્યક્તિ વચ્ચે જ નહીં કુટુંબ સાથેનો સંબંધ એમ આંકડાઓ દર્શાવે છે




‘મારે પણ એક ઘર હોય’ એવું દરેક માણસ/પરિવારનું સપનું હોય છે. જ્યારે આ સ્વપ્નની હકીકત ગુજરાત અને ગાંધીનગરમાં સેન્સસના આંકડાની દૃષ્ટિએ ચકાસીએ તો એમ કહી શકાય કે ૮૪ ટકા ગુજરાતીઓનું આ શમણું સાકાર થયું છે. કુલ ૧.૨૧ કરોડ ગુજરાતી પરિવારો પૈકી ૧.૦૨ કરોડ પરિવારો પાસે પોતાની માલિકીનું મકાન છે. ગુજરાતની સરખામણીએ ગાંધીનગરમાં સ્થિતિ થોડી નબળી છે. ગાંધીનગરના ૨.૮૭ લાખ પરિવારો પૈકી ૨.૩૪ લાખ પરિવારો ૮૩ ટકા પાસે માલિકીનું ઘર છે.

સામાજિક વિકાસને ધ્યાનમાં લેતા મકાનની માલિકીની ટકાવારી સારી સ્થિતિ હોવાનું દર્શાવે છે. પરંતુ આંકડાઓના વિશ્લેષણને કામે લગાડીએ તો સ્થિતિ એવી છે કે ગુજરાતના ૧૯ ટકા પરિવારો મકાન માલિકી હક્ક ધરાવે છે પરંતુ તેમની પાસે એક ઓરડો પણ નથી. પરિવારમાં એક સભ્ય અને બે સભ્ય હોય એવા ૭ ટકા પરિવારને બાદ કરીએ તો સ્થિતિ એવી છે કે ૩ સભ્યોથી ૯ સભ્યો કે તેથી વધુ પરિવારો પાસે મકાન માલિકી તો છે પણ પરિવારની સભ્ય સંખ્યા વધુ હોવા છતાં કોઈ અલગ ઓરડો જ તેમના નસીબમાં નથી ! ગાંધીનગર ગ્રામીણ અને શહેરી સેન્સસના આંકડા જોઈએ તો ગાંધીનગરના ૨.૮૭ લાખ પરિવારો પૈકી ૨.૩૪ લાખ પરિવાર મકાન માલિક તો ખરા પણ ૧૧ ટકા પાસે અલગ રૂમની કોઈ વ્યવસ્થા જ નથી. ઘરના તમામ પરિવાર એક છત નીચે જ રહે છે. તેમની વ્યક્તિગત અંગતતાને અવકાશ જ નથી. પરિવારની સભ્ય સંખ્યા એક કે બે-ત્રણ સભ્યની છે. એવા પરિવારોને જો આમાંથી બાદ કરીએ તો ૫ ટકા પરિવારો એવા છે જેમની સભ્ય સંખ્યા ૪ થી શરૂ કરીને ૯ થી વધુ સભ્ય સંખ્યા ધરાવે છે એમને માટે કોઈ રૂમ જ નહીં. મોટાભાગના આ સંયુક્ત કુટુંબના સભ્યો સૂવા-બેસવા અને રહેવા માટે પણ મકાનની સંયુક્ત વપરાશ જ ધરાવે છે. અત્યારના સંજોગો મુજબ આપણે જોઈએ તો જ્યાં પાંચ કે છ સભ્ય સંખ્યાથી વધુ સભ્યો હોય ત્યાં પરિવારમાં યુવા સભ્યો અવશ્ય હોવાના, એટલું જ નહીં એ પરણિત પણ હોવાના. આ સભ્યોને પણ ઘરના અન્ય સદસ્યોની સાથે જ રહેવાનું હોય છે, નવ યુવાન-નવ પરણિત કે નવદંપતિને એકાંતના અવકાશનો અહીં શૂન્યાવકાશ જણાય છે. ભારતીય સમાજ વ્યવસ્થા મુજબ એમ કહેવાય છે કે લગ્ન એ પતિ-પત્ની વચ્ચેનો જ સંબંધ નહીં પરંતુ બે પરિવાર વચ્ચેનો નાતો છે. ઘર માલિકીની સાથે જ્યારે પરિવારોની વિસ્તૃત સદસ્ય સંખ્યાને અને સામે ઘર. એટલે માત્ર ચાર-દિવાલો અને છતની જ સ્થિતિ - કોઈ અલાયદા ઓરડાની વ્યવસ્થા જ નહીં એવા પરિવારો જોઈએ ત્યારે આ વાત કમનસીબે સાચી ગણવી પડે એવી સ્થિતિ આંકડા દર્શાવે છે. એક તરફ સભ્ય સંખ્યા વધુ છે છતાં અલાયદો ઓરડો નથી એવા પરિવારો છે તો બીજા એવા પરિવારો છે કે તેઓ એકલા અથવા તો બેજ સભ્યનું પરિવાર છે પણ એમની પાસે ત્રણ-ચાર-પાંચ કે છ ઓરડાનું માલિકી મકાન છે ! ગુજરાતમાં આવા આશરે ૧૩ ટકા પરિવારો છે જ્યારે ગાંધીનગરમાં એની સંખ્યા વધારે છે.

● અનુસંધાન પાન-૭ પર



સચિવાલય સંકુલ અને તેની આસપાસના ગ્રીન વિસ્તારમાં રાષ્ટ્રીય પંખી મોરની સંખ્યા આખા નગરમાં સૌથી વધારે જોવા મળે છે. તેમાંય સચિવાલયના પાછળના ભાગમાં તો મોરને ગાંઠિયા નીરવા જનારાઓની સંખ્યા પણ મોટી છે. પ્રકૃતિ પ્રેમીઓના આ પ્રિય સ્થળ તરીકે ઉભરેલા આ વિસ્તારમાં એક કૂતરાએ આજે રાષ્ટ્રીય પંખી મોરને ફેંદી નાખી રહેલુ જોતાં જ ત્રણ-ચાર યુવકો અને યુવતીએ દોડી તેને બચાવી લીધુ હતુ પરંતુ આ કૂતરાએ મોરને એટલા તો બચકા ભર્યા હતા કે ભલભલાનું હૃદય દ્રવી જાય... આ પ્રકૃતિ પ્રેમીઓએ તાત્કાલિક વન વિભાગના અધિકારીઓનો સંપર્ક કરી અને મોરને સારવાર માટે સોંપી દીધો હતો. મોરની સ્થિતિ નાજુક હતી. સચિવાલયની અંદર અને સચિવાલયની બહાર રખડતા કૂતરાઓ કબુતરને પણ તરાપ મારી પકડી લેતા હોવાની ફરિયાદો જુની બની ચુકી છે પણ મનપાનું તંત્ર આ રખડતા કૂતરા અને રખડતા પશુઓની સમસ્યા ઉકેલવામાં ઉણુ ઉતર્યુ છે તેનુ દુઃખ આજે પણ નગરજનોને પિડી રહ્યું છે. તંત્ર જાગે તો સારૂ...

# મનપાની કલાર્કની પરીક્ષામાં સાંપ્રત સમસ્યાઓને લગતા સવાલોએ ચર્ચા જગાવી

## ૭૫ ટકા પરીક્ષાર્થીઓ હાજર રહ્યા : સરળ પેપરને કારણે મેરીટ ઊંચુ જશે તેવી માન્યતા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે યોજાયેલ જુનિયર ક્લાર્કની ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષામાં કેટલાક સાંપ્રત બનાવોને લઈ પુછાયેલા પ્રશ્નોએ ભારે ચર્ચા જગાવી છે. જો કે પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હોવાનું મનપાના સૂત્રોએ સ્વીકાર્યું છે.

આજે જુનિયર ક્લાર્કની ૫૦ જગ્યા માટેની યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં દોઢ લાખથી વધુ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. ૭૫ ટકા જેટલા પરીક્ષાર્થીઓ જ આ પરીક્ષામાં હાજર રહ્યા હોવાનું જાણવા મળેલ છે. આ પરીક્ષા માટે રાજ્યના ૧૧ મોટા શહેરોમાં ૨૧૨ જેટલા કેન્દ્રો પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે એક કેન્દ્રમાં ૧૫ મિનિટ વહેલુ પ્રશ્નપત્ર લઈ લેવામાં આવ્યુ હોવાની ફરિયાદ તંત્રને મળી હતી પરંતુ તપાસમાં આ ફરિયાદ ખોટી હોવાનું બહાર આવ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આજે આ પરીક્ષા પૂર્ણ થયાના ગણતરીના કલાકો પછી આખુય પ્રશ્નપત્ર યુ ટ્યુબ પર મુકવામાં આવ્યુ હતુ.

આજની આ પરીક્ષામાં સાંપ્રત ઘટનાઓને લઈ જે પ્રશ્નો પુછાયા હતા તેમાં હાર્દિકને પારણામાં પાણી કોણે પીવડાવ્યુ હતુ ?, ઈંગ્લેન્ડ સામેની છેલ્લી ટેસ્ટમાં ડેબ્યુ કરનાર હનુમાન વિહારી કયા રાજ્યનો છે ?, ગુજરાતના રાજકીય ઈતિહાસમાં છેલ્લુ રાષ્ટ્રપતિ શાસન આવ્યુ ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી કોણ હતા ?, તાજેતરમાં માર્ગ પરિવહન મંત્રી કેટલી જાહેરાતમાં વૈકલ્પિક ઈંધણ અને ઈલેક્ટ્રીક વડે ચાલતા કોમર્શિયલ વાહનોને પરમીટમાંથી મુક્તિ આપી છે તેમાં વૈકલ્પિક ઈંધણમાં કોનો સમાવેશ ? અમદાવાદમાં ટ્રાફિક ડ્રાઈવ ચલાવનાર પોલીસ કમિશ્નર કોણ ?, તાજેતરમાં ગુજરાતના મુકેશ પટેલને જાપાનના હ્યોગો પ્રાંતનો આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળ્યો છે તો

● અનુસંધાન પાન-૭ પર

# ખરીફ ઋતુનું વાવેતર ૧ લાખ ૪૩ હજાર હેક્ટરને પાર કરી ગયુ

## દિવેલા, ગુવારનું તેમજ શાકભાજીનું વાવેતર વધ્યુ : ડાંગર, બાજરીનું વાવેતર ઘટ્યુ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર વરસાદ લંબાતા લંબાઈ ગયુ છે અને આ સિઝનમાં અત્યાર સુધીમાં ૧,૪૩,૪૬૯ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ છે. ખેડૂતોએ આ સિઝનમાં બે તબક્કામાં વાવેતર કર્યુ હોવાથી હજુ પણ વાવેતર ચાલુ રહેવા પામ્યુ છે. જિલ્લામાં દિવેલાના વાવેતરમાં સારો એવો વધારો છેલ્લા દિવસોમાં જોવા મળ્યો છે. દિવેલા પાકનું વાવેતર ૨૫,૧૭૭ હેક્ટરમાં નોંધાયુ છે. સામાન્યતઃ ૨૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થતુ હોય છે પણ આ વખતે ૧૭૭ હેક્ટર વિસ્તારમાં વાવેતર વધુ નોંધાયું છે.



શાકભાજીના પાકોનું વાવેતર પણ ૧૫૦૨૩ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે જે ગત વર્ષ કરતાં થોડુ વધારે છે. ડાંગર અને બાજરીના પાકના વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે.

જિલ્લામાં મગફળીનું વાવેતર ૫૩૪૯ હેક્ટર, કપાસ ૨૩,૯૮૪ હેક્ટર તેમજ ગુવારનું વાવેતર ૧૨,૦૪૨ હેક્ટરમાં થયુ છે. વરિયાળીનું વાવેતર પણ નોંધપાત્ર રહ્યુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ઘાસચારાનું વાવેતર ૪૨,૬૮૦ હેક્ટર વિસ્તારમાં થયુ હોવાથી પશુધન માટે તે રાહતરૂપ બનશે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં તાલુકાવાર ખરીફ વાવેતર જોઈએ તો ગાંધીનગર તાલુકામાં ૩૯,૩૭૦ હેક્ટર, દહેગામમાં ૪૧,૬૩૪ હેક્ટર, કલોલમાં ૩૫,૪૨૩ હેક્ટર અને માણસામાં ૨૭,૦૪૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં વરસાદ ૫૦ ટકા કરતાં પણ ઓછો નોંધાયો છે. જો કે પાકની સ્થિતિ સારી હોવાના દાવા વચ્ચે ઉત્પાદન પર વિપરીત અશરો થવાની સંભાવનાઓ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. ખાસ કરીને મગફળીની ગુણવત્તા તેમજ કપાસમાં ક્યાંક ક્યાંક મિલીબગ, ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા જરૂર મળ્યો છે પરંતુ પરિસ્થિતિ એટલી વણસી નહિ હોવાનો આડકતરો એકરાર તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

જિલ્લામાં બાગાયતી પાકોનું વાવેતર પણ સારૂ થયુ હોવાનું મનાઈ રહ્યું છે.

# જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રો પર આજે સર્વરોગ નિદાન યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે આજે જિલ્લાના તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રો પર સર્વરોગ નિદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં પણ સેક્ટર-૨ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. આ નિદાન કેમ્પમાં કેન્દ્રના રાજ્ય કૃષિમંત્રી પુરૂષોત્તમ રૂપાલા ખાસ હાજરી આપનાર હોવાનું મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લાના તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રો પર નિષ્ણાત તબીબો આ નિદાનયજ્ઞ દરમ્યાન ઉપસ્થિત રહેશે તેમ જિલ્લાતંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લા દ્વારા આ સર્વરોગ નિદાન કેમ્પના આયોજનોને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

# નવા મતદારોની નોંધણી માટે ચાર હજારથી વધુ અરજીઓ

## મુખ્ય ચૂંટણી અધિકારીએ બોરીજ અને ચિલ્ડ્રન યુનિ.ના બુથની ઓચીંતી મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૬

મતદારયાદી સુધારણા ઝુંબેશની આજે પ્રથમ સઘન ઝુંબેશ અભિયાન સફળ રહ્યુ છે. આજે આ અભિયાન દરમ્યાન ૪૦૧૭ જેટલા નવા મતદારોની નોંધણી માટેની અરજીઓ મળી છે.

આજના આ ખાસ અભિયાનમાં દરેક બી.એલ.ઓ. તેમના બુથ પર બેસી અને ફોર્મ-૬, ફોર્મ-૭ અને ફોર્મ નં. ૮ સ્વીકારતા હતા. ત્રણ રવિવાર દરમ્યાન આ ખાસ ઝુંબેશ ચાલવાની છે.

૪૫ દિવસના મતદારયાદી સુધારણા કાર્યક્રમની હાલ જિલ્લાભરમાં ચાલી રહી છે. આજે ખાસ ઝુંબેશ અંતર્ગત ૧૫૦૦ જેટલા અરજી પત્રકો ફોર્મ ૭ અને ૮ ના પણ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે પ્રથમ ખાસ અભિયાન અંતર્ગત રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણાએ બોરીજ અને ચિલ્ડ્રન યુનિ.ના બુથની મુલાકાત લઈ ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતુ.

આ ઉપરાંત કેન્દ્રીય ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીના અધિકારી નીતિનભાઈ આચાર્યએ પણ કલોલ અને માણસા તાલુકાના કેટલાક બુથોની મુલાકાત લીધી હતી. જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લાના અન્ય અધિકારીઓએ પણ વિવિધ બુથોની મુલાકાત લઈ આ ખાસ અભિયાનનું સઘન મોનીટરીંગ કર્યુ હતું.

જિલ્લામાં જે ૪૦૧૧ જેટલા ફોર્મ નં. ૬ મળ્યા છે જેમાં ગાંધીનગર (ઉ) બેઠક પર સૌથી વધુ અરજીઓ મળી છે. જે એક હજાર કરતાં વધુ છે.


## પ્રાર્થના સભા



મારા ધર્મપત્ની શ્રીમતી માલીની દેસાઈનું દુઃખદ અવસાન તા. ૧૬/૯/૨૦૧૮ના રોજ થયેલ છે. સદ્ગતની પ્રાર્થના સભા તા. ૧૭/૯/૨૦૧૮ને સોમવારના રોજ રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર
સમય : સાંજે ૫.૦૦ થી ૬.૦૦ દરમિયાન

દિલીપભાઈ કમળાશંકર દેસાઈ
નીલીમા નૈમીષ ભટ્ટ — હેતલ નીરવ જાની

## પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ શ્રધ્ધાંજલિ



કૈલાસધામ વાસી : કલાવતી રમેશચંદ્ર ભટ્ટ (નિવૃત્ત શિક્ષક)
કૈલાસગમન : ૧૭-૦૯-૨૦૧૭, ભાદરવા વદ બારસ

જીવન જીવી જાણ્યું તમે, જીવન જીવવાની રીત તમો અમને શીખવી ગયા, પરિશ્રમના દિવસો વીતાવી પરિવારને સમૃધ્ધ બનાવી ગયા, તમારી કુટુંબ વાત્સલ્યતા, સ્નેહની લાગણી ધર્મ પ્રત્યેની શ્રધ્ધા, લોક-કલ્યાણના કાર્યો હર હંમેશ અમારી આસપાસ સુવાસ બનીને પ્રસરી રહેશે

લિ.
રમેશચંદ્ર મગનલાલ ભટ્ટ
પરેશ ભટ્ટ નીલેશ ભટ્ટ ફાલ્ગુન ભટ્ટ
મીનળ ભટ્ટ જયશ્રી ભટ્ટ દક્ષા ભટ્ટ
નિમિત્ત ● ભૂમિ ● અમિ ● બીરવા ● અભિ
ફર્મ — જીગ્મા કોમ્પ્યુટર — ૯૯૨૪૧૩૩૫૩૮
કલામીન, પ્લોટ નં ૨૫૨-૧, સેક્ટર નં ૫-એ, ગાંધીનગર-૩૮૨૦૦૬

## ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## SHOWROOM FOR SALE / RENT
Haveli Arcade, Sec.11 - Commercial Area, With Parking, 1st Floor, 1250 sq.ft. Carpet, Front Facing, With Fix Furniture-Light Fittings-ACs-Fire Alarm-CC TVs,
Suitable For : General/ENT/Dental Clinic, Path. Lab, X-ray/Sono. Center, Restaurant, Office, Class Etc.
M: 8156008704 (B/w 11am-8pm)

## FACTORY PREMISE FOR SALE
IN GIDC, ELECTRONICS ZONE : E, SECTOR-26, GANDHINAGAR. WELL PLANNED FACTORY ON INDEPENDENT CORNER PLOT - ADJOINING OPEN PLOT. PLOT AREA : 880 SQ.M. & BUILD-UP AREA : 500 SQ.M. WITH RECEPTION - OFFICE - 2 PRODUCTION AREAS - STORE - COMPOUND WALL - SECURITY CABIN.
M: 9824203342 (B/W 11AM - 6PM)

## ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭





## ટેન્ડર નોટીસ

### ધાનેરા નગરપાલિકા, જી. બનાસકાંઠા

ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ વિભાગના અને પાણી પુરવઠા વિભાગના કોન્ટ્રાક્ટરોની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટરો પાસેથી નગરપાલિકાના સ્વભંડોળમાં કુલ-૨ (બે) કામો માટે અંદાજીત કિંમત રૂ. ૪.૬૦ લાખ માટે ઉક્ત રજીસ્ટર પોસ્ટ એડીથી સીલબંધ ટેન્ડરો તા. ૨૭/૯/૨૦૧૮ના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધી નગરપાલિકા કચેરીએ મળી રહે તે રીતે મંગાવવામાં આવે છે.

ટેન્ડર ફોર્મ તેમજ કામની વધુ વિગતો તા. ૨૦/૯/૨૦૧૮ સુધીમાં ઓફીસ સમય દરમિયાન રજીસ્ટ્રેશનની ખરી નકલ, ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટી, તાજુ બેંક સોલવંશીના ૧૦% નર્મદા બોન્ડ તથા કરેલ કામોના પ્રમાણપત્રો અને ટેન્ડર ફી સાથે રજૂ કરવાથી આપવામાં આવશે.

ઉપરોક્ત કામોની બાનાની રકમ સીડ્યુલ બેંક અથવા રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર.થી જ સ્વીકારવામાં આવશે. ટેન્ડર સાથે બાનાની રકમની એફ.ડી.આર. સામેલ રાખવાની રહેશે. ટેન્ડર કવર ઉપર કામનું નામ તથા મોકલનારના નામ સરનામા સાથે ટેન્ડરો કામદીઠ અલગ - અલગ કવરમાં મોકલવાના રહેશે. આવેલ ટેન્ડરો શક્ય હશે તો તા. ૨૮/૯/૨૦૧૮ના રોજ સાંજે ૪.૦૦ કલાકે હાજર રહેલ કોન્ટ્રાક્ટરોની રૂબરૂમાં ખોલવામાં આવશે. વધુ યા ઓછા ભાવનું ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની આખરી સત્તા ધાનેરા નગરપાલિકાની રહેશે. વધુ વિગતો ધાનેરા નગરપાલિકાના પાણી પુરવઠા શાખાનો સંપર્ક કરી મેળવી શકાશે.

નં.ન.પા.ધા./પા.પુ./વશી/૨૦૧૮

નગરપાલિકા કચેરી, ધાનેરા, તા. ૧૫/૯/૨૦૧૮

| વી.પી. પરમાર | શંકરભાઈ એસ. પટેલ | વસંતીબેન વી. ગલચર | બળવંતજી સી. બારોટ |
|---|---|---|---|
| મુખ્ય અધિકારી | ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| નગરપાલિકા ધાનેરા | પાણી પુરવઠા સમિતિ | નગરપાલિકા ધાનેરા | નગરપાલિકા ધાનેરા |


## ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

### જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com